impact
www.impactmeasurement.co.in

The Economic Times (Gujarati)

Mumbai - Nov 15, 2018

| | | | |
|---|---|---|---|
| Page No: | 3 | Type: | Newspaper |
| Page Name: | n.a. | Language: | Gujarati |
| Size: | 390 sq. cm | Circulation: | 0 |
| AVE: | INR 62,323 | Frequency: | Daily |

News monitored for: MRC

Title: Ircon International Q2 net profit jumps over 2-fold to Rs 83.57 cr

# ઈરકોન ઈન્ટરનેશનલનો ચોખ્ખો નફો બે ગણો ઊછળીને ₹83.57 કરોડ

**નવી દિલ્હી:** સરકારની માલિકીની બાંધકામ કંપની ઈરકોન ઈન્ટરનેશનલે ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૮ના અંતે પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળા માટે બે ગણા કરતાં મોટા ઉછાળા સાથે ₹૮૩.૫૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. એક વર્ષ અગાઉ સમાન ગાળા માટે કંપનીએ ₹૩૩.૧૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો તેમ કંપનીએ બીએસઈ ફાઈલિંગમાં જણાવ્યું હતું. સમીક્ષા હેઠળના ગાળા માટે કંપનીની કુલ આવક ૩૩ ટકા વધીને ₹૯૬૨.૨૯ કરોડ નોંધાઈ હતી જે એક વર્ષ અગાઉ સમાન ગાળા માટે ₹૭૨૩.૪૩ કરોડ હતી તેમ કંપનીએ જણાવ્યું હતું. સમીક્ષા હેઠળના ગાળા માટે કંપનીનો કુલ ખર્ચ વધીને ₹૯૦૭.૦૭ કરોડ નોંધાયો હતો જે એક વર્ષ અગાઉ સમાન ગાળા માટે ₹૭૩૭.૪૫ કરોડ હતો. બુધવારે બીએસઈ પર કંપનીનો શેર ૦.૯૨ ટકા વધીને છેલ્લે ₹૪૨૦.૫૦ બંધ નોંધાયો હતો.



© The Economic Times (Gujarati)